વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના કચ્છ, આણંદ, સુરેન્દ્રનગર, ભાવનગર જિલ્લાઓની આદર્શ નિવાસી શાળાઓ/સરકારી છાત્રાલયોના મકાનના રીપેરીંગ અને રીનોવેશન માટે થનાર રૂા.૧૮ લાખના ખર્ચને મંજૂરી આપવા બાબત.

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
**ઠરાવ ક્રમાંકઃ** SJED/NWR/e-file/17/2025/1903/A-1 Section
સચિવાલય, ગાંધીનગર.
**તા.ઈ-સાઈન મુજબ.**

**વંચાણમાં લીધા :-**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા.૦૨/૦૮/૨૦૨૫, તા.૧૨/૦૮/૨૦૨૫ અને તા.૨૯/૦૮/૨૦૨૫ના પત્રો.

**આમુખ:-**

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ દ્વારા વંચાણમાં લીધા ક્રમાંક (૧) પરના તા.૦૨/૦૮/૨૦૨૫, તા.૧૨/૦૮/૨૦૨૫ અને તા.૨૯/૦૮/૨૦૨૫ના પત્રોથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના કચ્છ, આણંદ, સુરેન્દ્રનગર, ભાવનગર જિલ્લાઓની આદર્શ નિવાસી શાળાઓ/સરકારી છાત્રાલયોના મકાનના રીપેરીંગ અને રીનોવેશન માટે થનાર રૂા.૧૮ લાખ (અંકે રૂપિયા અઢાર લાખ પૂરા)ના ખર્ચને મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાને અંતે, નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના માર્ગ અને મકાન વિભાગના અંદાજપત્રમાં સરકારી મકાનોની પુન: સજાવટ માટે થયેલ રૂ.૬.૩૭ કરોડની જોગવાઇમાંથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના કચ્છ, આણંદ, સુરેન્દ્રનગર, ભાવનગર જિલ્લાઓની આદર્શ નિવાસી શાળાઓ/સરકારી છાત્રાલયોના નીચેના કોષ્ટકમાં જણાવ્યા મુજબના મકાનના રીપેરીંગ અને રીનોવેશન કામ માટે રૂા.૧૮ લાખ (અંકે રૂપિયા અઢાર લાખ પૂરા)ના ખર્ચને ઉક્ત બજેટ જોગવાઇમાંથી બચત રહેલ છે, તેમ માની સદર ખર્ચ અંદાજપત્રીય જોગવાઇથી વધી ન જાય તે બાબતે તકેદારી રાખવાની શરતે તથા નીચે દર્શાવેલ અન્ય શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.:-

| ક્રમ | કામનું નામ | અંદાજો (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), ગાંધીધામ, જિ.કચ્છ ખાતે ઈલેક્ટ્રીક કામગીરી બાબત. | ૬.૦૦ |
| ૨ | સરકારી કન્યા છાત્રાલય(વિ.જા.) રામપુરા, જિ.આણંદ ખાતે જાળી મુકાવવા અંગે. | ૪.૬૬ |
| ૩ | સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.) મહુવાના મકાનમાં ઈલેક્ટ્રીક કામગીરી બાબત. | ૫.૫૫ |
| ૪ | આદર્શ નિવાસી શાળા (વિ.જા.) કુમાર, ધ્રાંગધ્રા, જિ.સુરેન્દ્રનગર માટે રમતગમતના મેદાનની ચારે બાજુ તાર ફેન્સીંગ માટે. | ૧.૭૯ |
| | કુલ | ૧૮.૦૦ |

**શરતો:**

1. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
2. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઓચિત્યના સિધ્ધાંતોનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.
3. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
4. સબંધિત જિલ્લા નાયબ નિયામક/સમાજ કલ્યાણ અધિકારીશ્રી દ્વારા સબંધિત અધિક્ષક ઇજનેરશ્રી/કાર્યપાલક ઇજનેરશ્રીના પરામર્શમાં ઉક્ત તમામ કામો ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં પુર્ણ કરવા તાત્કાલિક નિયમોનુસારની કાયવાહી હાથ ધરવાની રહેશે.

5. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણએ આપેલ મંજૂરી અન્વયે થયેલ ખર્ચની વિગતો તેમજ કામગીરી પૂર્ણ કર્યાના અહેવાલની વિગતો વિભાગને રજૂ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૮૪, મુખ્ય સદર: ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર: ૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર:૨૭૭ શિક્ષણ, પેટા સદર: ૪૨ મકાનો હેઠળ ચાલુ વર્ષે ૨૦૨૫-૨૬માં થયેલ બજેટ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૩/૧૦/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(દેવ્યાની ઝાલા)**
e-SD/-
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

**નકલ રવાના:-**

- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સબંધિત જિલ્લા નાયબ નિયામક/સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફત).
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, દાહોદ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કો.સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવને વિભાગની વેબ સાઇટ પર મૂકવા સારૂં)
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૫.

Signature Not Verified
Signed by:Devyani Zala
Section Officer
Date: 2025.10.29
18:05:35 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign